ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૧.૨ ડીગ્રી
લઘુતમ : ૨૮.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૨ ટકા ● સાંજે ૪૧ ટકા

# શહેરમાં શાળા-કોલેજોમાં એડમિશનની દોડધામ

ગાંધીનગર, તા.૮

ગુજરાત બોર્ડનું ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ આવી ચુકયું છે ત્યારે હવે સ્કૂલોમાં અને યુનિવર્સિટીઓમાં પ્રવેશ પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. સ્કૂલમાં ધોરણ-૧૧ માટે પ્રવેશ પ્રક્રિયા સ્કૂલ કક્ષાએ શરૂ થઈ ગઈ છે ત્યારે યુનિવર્સિટીઓમાં કોમર્સ અને આર્ટસમાં પ્રવેશ પ્રક્રિયા પણ શરૂ થઈ ગઈ છે. ધોરણ-૧૦ પછી વિદ્યાર્થીઓ દ્વારા પોતાની પસંદગીની સ્ટ્રીમમાં જવા માટે દોડધામ ચાલી રહી છે. ધોરણ-૧૨ પછી વિવિધ કોલેજોની પસંદગી અને એડમિશન માટે વાલીઓ અને વિદ્યાર્થીઓમાં ગડમથલ ચાલી રહી છે અને ગાંધીનગર તથા અમદાવાદમાં આવેલી વિવિધ કોલેજોમાં ઓનલાઈન અને ઓફલાઈન પ્રવેશ પ્રક્રિયા માટે દોડધામ ચાલી રહી છે. શાળા કોલેજોમાં રજીસ્ટ્રેશન માટે સવારથી જ ફોન પર ફોન આવી રહ્યા છે અને માહિતીની આપ-લે ચાલી રહી છે.

ધોરણમાં એડમિશન લેવા માટે સવારથી જ વિદ્યાર્થીઓ અને વાલીઓની ભીડ જોવા મળી રહી છે. વિદ્યાર્થીઓ હવે પોતાની પસંદગી મુજબના વિષયોમાં એડમિશન લેવાનું પસંદ કરી રહ્યા છે. માતા પિતા અને સગા સંબંધીઓ દ્વારા શિખામણો મળે પણ વિદ્યાર્થીઓ પોતાની આવડત અને રસ રુચિ મુજબ યોગ્ય વિકલ્પ પસંદ કરતા થયા છે.

શહેરની મોટી મોટી ખ્યાતનામ શાળાઓ અને કોલેજોમાં એડમિશન લેવા માટે વિદ્યાર્થીઓ મથી રહ્યા છે. સાયન્સ, કોમર્સ, આર્ટસ પૈકીની પસંદગી કરીને ૧૧માં

### રીઝલ્ટ આવ્યું તે જ દિવસે એડમિશન માટે લાઈનો લાગી


ગાંધીનગરમાં ધોરણ-૧૦ અને ૧૨નું પરિણામ આવ્યું તે જ દિવસથી એડમિશનની પ્રક્રિયા માટે સ્કૂલોમાં વિદ્યાર્થીઓ ઉમટી પડયા હતા. ઓનલાઈન રીઝલ્ટ આવ્યું અને વિદ્યાર્થીઓએ ઓનલાઈન રિઝલ્ટની પ્રિન્ટ કઢાવીને સ્કૂલોમાં અને કોલેજોમાં એડમિશન માટે લાઈનો લગાવી દીધી હતી. હજી તો ઓફલાઈન રીઝલ્ટ પણ મળ્યું નથી ત્યારે એડમિશન માટે દોડાદોડી ચાલી રહી છે.

### રીઝલ્ટ આવતાંની સાથે વિદ્યાર્થીઓની એડમિશન માટેની લાઈનો



### ધોરણ-૧૧ વિજ્ઞાનપ્રવાહમાં પ્રવેશ અંગે

જે વિદ્યાર્થીઓ ધોરણ-૧૦ ગણિત બેઝિક સાથે પાસ થયા હોય તે ધોરણ ૧૧માં વિજ્ઞાન પ્રવાહમાં 'B' ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે. પરંતુ 'A' અથવા 'AB' ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશેનહિ. ધોરણ-૧૦માં ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં 'A' અથવા 'AB' ગ્રુપમાં પ્રવેશ મેળવવા માંગતા હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમિયાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં 'A' અથવા 'AB' ગ્રુપમાં પ્રવેશ મેળવી શકશે.





રાજય કાનૂની સેવા સત્તા મંડળ, હાઈકોર્ટ ગુજરાત તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ ડિસ્ટ્રિકટ કોર્ટ ગાંધીનગરના ઉપક્રમે વિશ્વ પર્યાવરણ દિન ૫મી જૂનના ઉપલક્ષ્યમાં પર્યાવરણનું આપણા જીવનમાં મહત્વ તેમજ આજના સમયમાં તેની જરૂરીયાત અને તેમાં પણ મહિલાઓ અને પર્યાવરણ વિષય અંગે એક સેમિનારનું આયોજન મહિલા આઈ.ટી.આઈ. સેકટર-૧૫ ખાતે કરવામાં આવેલ તેમાં પેરાલીગલ વોલન્ટીયર સુધીર દેસાઈ દ્વારા વિષયોચિત્ત વકતવ્ય આપવામાં આવ્યું હતું. પીએલવી કાંતિભાઈ પટેલે પણ પ્રસંગોચિત વકતવ્ય રજૂ કર્યું હતું. સેમિનારના મુખ્ય મહેમાન તરીકે ફોરમેન મમતાબેન અંધારિયા ઉપસ્થિત રહ્યા હતા.

## અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટ્યુટના NSS Cell દ્વારા 'કેમ્પસ ક્લિનીંગ'નું આયોજન



ગાંધીનગર, તા.૮

અત્યારના યુગમાં પર્યાવરણ દિવસની ઉજવણી કરતા તેની જાળવણીનું મહત્વ વધી ગયું છે. આ સંદર્ભે અરિહંત સ્કૂલ ઓફ ફાર્મસી એન્ડ બાયો રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ ના NSS Cell દ્વારા 'કેમ્પસ ક્લિનીંગ'નું આયોજન કરવામાં આવ્યું હતું .પર્યાવરણ દિવસ ની " ONLY ONE EARTH" ની થીમને સાકાર કરતા અરિહંતના વિદ્યાર્થીઓએ "સફાઈ અભિયાન' હાથ ધર્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ મુખ્યત્વે કોલેજના 'મેડીસીનલ ગાર્ડન' ના રક્ષણ ના ભાગરૂપે સફાઈ અભિયાન આરંભ કર્યું હતું.

## વોર્ડ નં.૮ના ભાજપના યુવા મોરચાની ટીમની નિયુકિત



ભાજપના માનનીય પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલના અને યુવા મોરચાના પ્રદેશ પ્રમુખ ડૉ. પ્રશાંતભાઈ કોરાટના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપા પ્રમુખ ઋચિરભાઈ ભટ્ટની સૂચનાથી ગાંધીનગર મહાનગર યુવા મોરચાના પ્રમુખ યુવરાજસિંહ ચાવડા દ્વારા ગાંધીનગર મહાનગર ના વોર્ડ નં- ૮ ના યુવા મોરચાની ટીમ ની જાહેરાત કરવામાં આવી. જેમા શ્રીકેત સાત્વિકભાઈ ત્રિવેદીને મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવ્યો હતો.

## શહેરની કલાવૃંદ સંસ્થા દ્વારા કર્ણાવતી કલબ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ



બિલ્ડર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત નવ નિયુકત પ્રમુખ પદ માટે પ્રથમવાર ગુજરાતમાંથી નિમેષભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. જેમનો સન્માન સમારોહ કર્ણાવતી કલબ અમદાવાદ ખાતે યોજાયો હતો. આ સમારોહમાં પ્રારંભ કલાવૃંદ ગાંધીનગર તેમજ આસ્થા ઈવેન્ટ દ્વારા સાંસ્કૃતિક રંગારંગ કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. જેમાં કૌશલ કીશોર, ડૉ. ભારતીબેન શિયાલ, દેવુંસિંહ ચૌહણ, પુર્ણેશ મોદી, કાનકમલ કટારા ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર એ પ્રકૃતિને સમાંતર માનવ સમાજ વ્યવસ્થા સાથે જીવતું શહેર છે. જ્યાં માનવી સાથે મનમોહક વનરાજી સાથે સુંદર પક્ષીઓનો વસવાટ એટલો બધો હળી મળી ગયો છે કે નીલગાય જેવા વન્ય પ્રાણીઓ હોય કે રાષ્ટ્રીય પક્ષી મોર જેવા પંખીઓ માનવ વસ્તી વચ્ચે બેધડક સહજ રીતે અવરજવર કરતાં જોવા મળે છે. શહેરના સેક્ટર-૧૦માં નિર્માણ ભવનની બાજુમાં ક્રિકેટ રમતાં યુવાનો વચ્ચેથી નિર્ભિકપણે પસાર થયેલો આ મોર તેની ઉત્તમ સાબિતી છે.



## ત્રણ દિવસની આત્મન અભિવ્યક્તિ બાળ શિબિરનું કરાયેલું આયોજન : તા. ૧૦ જૂનથી શિબિર શરૂ થશે

ગાંધીનગર, તા.૮

છેલ્લાં ૨૪-૨૫ વર્ષથી દર વેકેશનમાં આત્મન અભિવ્યક્તિ બાળ શિબિરનું આયોજન કરવામાં આવે છે. બાળકોમાં રહેલી નૈસર્ગિક ખૂબીઓને ખીલવવા, જ્ઞાન સાથે ગમ્મતની વિવિધ પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લે એ માટે આત્મન ફાઉન્ડેશન દ્વારા આ બાળ શિબિરનું ખુલ્લા, કુદરતી વાતાવરણમાં આયોજન કરવામાં આવે છે. આ વખતે આ શિબિર તા. ૧૦,૧૧,૧૨ જૂન, શુક્ર, શનિ અને રવિવારના રોજ સવારના ૮.૪૫ થી ૧૧.૦૦ કલાક દરમ્યાન યોજાશે. શિબિરનું સ્થળ સરકારી આયુર્વેદ વનૌષધિ ઉદ્યાન, સર્કિટ હાઉસ પાછળ, જ માર્ગ, રાજભવન પાસે, ગાંધીનગર રહેશે.

### ૭ થી ૧૪ વર્ષ સુધીની વયના બાળકો ભાગ લઈ શકશે

જે બાળકોની ઉંમર - ૭ થી ૧૪ વર્ષ સુધીની છે તો શિબિરમાં ભાગ લઈ શકશે. શિબિરમાં ભાગ લેવા માટે નામ નોધાવવા સંપર્ક નંબર : (૧) સુધાબેન શુક્લ - ૯૮૭૯૨ ૭૯૫૨૯ (૨) પ્રજ્ઞાબેન પટેલ - ૯૮૨૫૪ ૩૮૩૯૪ (૩) અજયભાઈ રાવલ - ૯૭૨૩૧ ૩૨૮૯૨



ગાંધીનગર શહેરમાં ટ્રાફિક નિયમનના ભાગરૂપે ઠેર ઠેર સિગ્નલ મુકવામાં આવ્યા છે. આ ટ્રાફિક સિગ્નલોમાં ખામી સર્જાતા વારંવાર તેનું રીપેરીંગ કરવું પડે છે. ખ-૩ સરિતા ઉદ્યાનની આગળ ટ્રાફિક સિગ્નલનું રીપેરીંગ કામ કરવામાં આવી રહ્યું છે. જેના કારણે ટ્રાફિક વ્યવસ્થાપનને અસર થઈ છે.

# વિકાસની હોડમાં જનતામાં દુવિધાઓ વધી

### ગેસ પાઇપ લાઇન તુટવી, પીવાના પાણીની લાઈન તૂટવી, વાહન વ્યવહારમાં મુશ્કેલી, વીજકાપથી જનતા પરેશાન

ગાંધીનગર, તા.૮

આપણા પાટનગરમાં દિવસેને દિવસે નવ નિર્માણની કામગીરીઓ પૂરજોશ માં થઇ રહી છે. જેમાં ઠેર ઠેર ખોદ કામ કરવામાં આવી રહ્યું છે. ત્યારે માર્ગો ઉપર થતાં ખોદકામ ઉપરાંત રહેણાંક વિસ્તારમાં થતા આ ખોદકામના કારણે રહેવાસીઓ પરેશાન થઈ ગયા છે કારણ કે જે તે સમયે ગટર, પાણી કે ગેસ પાઈપ લાઈન માટે ખાડાઓ ખોદવામાં આવે છે પણ તે કામગીરી અધૂરી મૂકવામાં આવતા આસપાસના રહીશો ને હેરાનગતિ વેઠવી પડે છે. ઘણા વિસ્તારમાં રહીશો જાતે માટીનું પુરાણ કરીને માટી પર પાણીનો છંટકાવ કરીને માટી દબાવે છે. અવાર નવાર ફરિયાદો કરવા છતાં કોઈ નિરાકરણ મળતું નથી. ક્યાંક ગટરના ઢાંકણ ખુલ્લા હોય તો ક્યાંક પાણીની પાઈપ લાઈન તૂટી ગઈ હોય દરરોજ આવી સમસ્યાઓ સર્જાતી હોય છે. તાજેતરમાં જ એક સોસાયટીમાં પાણીની લાઈન તૂટવાથી અઢળક પાણીનો વ્યય થયો હતો. ઉપરાંત રહેવાસીઓના મકાનો ની આગળ



ખોદેલા ખાડાઓમાં પાણી ભરાઈ જતાં રહીશોને વાહનો પાર્ક કરવામાં તથા ત્યાંથી અવર જવર માટે હાલાકી વેઠવી પડી હતી. આમ અવાર નવાર આવા કિસ્સાઓ બની રહ્યા છે. કોઈ જવાબદાર એન્જિનિયર કામગીરીની ચકાસણી કરતા ન હોવાથી અધૂરી કામગીરીના દશ્યો જોવા મળી રહ્યા છે. સ્થળ પર અવશ્ય કોઈ જવાબદાર અધિકારી હાજર રહી કામગીરી કરાવે તો જ યોગ્ય કાર્યવાહી થઈ શકે.

હાલમાં સેકટર-૩૦માં જાગૃતિ પાર્ક, શેરી નંબર-૩માં છેલ્લા બે અઠવાડીયાથી ગટર પાઈપ લાઈનનું કામ ચાલે છે. અનેકવાર અહીં વીજળીના વાયર તૂટે છે, લાઈટ જાય છે, ગેસ પાઈપ તૂટે છે, ચાલુ પાણીની લાઈન તૂટે છે, વાહન-વ્યવહાર મુશ્કેલ છે અનેક દુવિધાઓ ઊભી થઈ છે.

નીચે ધરતી અને ઊપર આભમાં પ્રદૂષણ તો દાયકાઓથી સુધારી શક્યા નથી. જુના હરિયાળા - પ્રદૂષણ મુક્ત પાટનગરના દિવસો આપણા "સ્માર્ટ સીટી" બનવા જઈ રહેલા શહેરમાં જટિલ બની રહ્યું છે. સત્તાધીશો નિયત નિયમો જાળવીને ગુણવત્તાયુક્ત કામ નિયત સમયમાં ખાત્રીબધ્ધ રીતે પુરા કરે તો સૌનું સંતોષપૂર્વક શહેર "સ્વસ્થ" બની શકશે.

## ગુજરાત ગેસ કંપની સેકટર-૫ના અધિકારીની ગ્રાહકો સાથે દાદાગીરી

ગાંધીનગર, તા.૮

શહેરમાં ગુજરાત ગેસ કંપનીના અધિકારીની દાદાગીરીથી ગ્રાહકોમાં રોષ જોવા મળી રહ્યો છે. ગ્રાહકો દ્વારા ફરિયાદ ઉઠી રહી છે કે ગુજરાત ગેસ કંપનીએ હજારો ગ્રાહકોના ૫૮૫૪ રૂપિયા નવા કનેકશન માટે એડવાન્સમાં જ પડાવી લીધા છે અને એક વર્ષ ઉપરાંતનો સમય થવા છતાં ગેસ લાઈન માટે નાગરિકોને હજી વલખા મારવા પડે છે. ગેસ કનેકશન માટે અગાઉથી પૈસાની ઉઘરાણી થઈ ગઈ છે અને એક વર્ષ કરતાં વધુ સમયગાળો વીતી જવા છતાં કોઈને ગેસની પાઈપલાઈનો લાભ મળ્યો જ નથી તેથી નાગરિકો આ અંગેની પૂછપરછ માટે જે તે અધિકારી પાસે જતા અધિકારી દ્વારા દાદાગીરી કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ સેકટર-૫ના ગુજરાત ગેસ કંપનીના અધિકારી દ્વારા ગ્રાહકો સામે દાદાગીરી કરવામાં આવી રહી છે. ગેસ એ જીવન જરૂરી વસ્તુ હોવાથી ના છૂટકે એલપીજીના બાટલા ઉંચા ભાવે ખરીદવા મજબુર થવું પડી રહ્યું છે તેમ કંટાળેલા ગ્રાહકો દ્વારા જણાવવામાં આવ્યું હતું. જો કે આ અધિકારી જયાં રહે છે તે સોસાયટીમાં રહીશોના કનેકશન માટે ફોર્મ ભરતા જ તરત કામો થઈ જાય છે જયારે અન્ય ગ્રાહકોને એક વર્ષ રાહ જોવી પડે ધક્કા ખાવા પડે છે. આ પ્રકારની અધિકારીની વર્તણુંક યોગ્ય ન ગણાય. જવાબદાર તંત્ર દ્વારા આ અધિકારી વિરુધ્ધ કડકમાં કડક કાર્યવાહી કરવી જોઈએ. દરેક નાગરિકને ગેસ કનેકશન મળી રહે તે માટેની વ્યવસ્થા કરવી અનિવાર્ય રહેશે. સરકારી ઓફિસોમાં આ રીતે અધિકારીઓ ગ્રાહકો સાથે દાદાગીરી કરે તે ન ચલાવી લેવાય.

## જન્મદિને વધામણી




દ્વિતી વિપુલ ચૌહાણ



શ્રદ્ધા હરીશકુમાર પ્રજાપતિ
મો. ૯૯૦૪૧ ૫૩૬૮૯



રમ્ય અલ્પેશ પટેલ
મો. ૯૮૭૯૨ ૩૫૩૦૬



અનીતા જયેશ પટેલ



ધ્રુવીલ મહેશ ભટ્ટ



કોકિલબેન સુમંતભાઈ શાહ
મો. ૯૩૭૪૬ ૮૧૫૫૭



દ્વિજા મિતેશ જોષી



દ્વિતિ મિતેશ જોષી

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. વાઘેલા ગોવિંદભાઈ પરષોત્તમભાઈ, ઉ.વ. ૮૨, સેકટર-૧૨
- સ્વ. ભરવાડ રતાભાઈ વાલાભાઈ, ઉ.વ. ૮૪, મહુન્દ્રા
- સ્વ. પટેલ ગોવિંદભાઈ કચરાભાઈ, ઉ.વ. ૮૧, સેકટર-૨૨
- સ્વ. મકવાણા પ્રકાશકુમાર હરીશભાઈ, ઉ.વ. ૩૭, સેકટર-૩૦